# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

જુન-૨૦૨૫

## વિશ્વ બાળ મજુરી વિરોધ દિવસ

આપ સૌ જાણો છો કે બાળમજુરી એ માત્ર એક સામાજીક બીમારી જ નહીં, પણ એક આપણા ભવિષ્ય તરીકે ઉભરી રહેલા માસુમ બાળકોએ સહન કરવો પડતો અત્યંત દુઃખદ અનુભવ છે. બાળમજુરીએ એવા માસુમ બાળકોના બાળપણને છીનવી લે છે જેમને અભ્યાસ કરી સપનાઓ જોવાની મોજ લેવી છે.

તારીખ **૧૨ જુન ૨૦૨૫**ના વિશેષ દિવસે **સ્નેહા ફાઉન્ડેશન** અને **જિલ્લા કાનુની સેવા સત્તામંડળ**ના સંયુકત ઉપક્રમે સંસ્થામાં એક **બાળમજુરી** જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને બાળમજુરી શું છે, તે કેવી રીતે શરૂ થાય છે, તેના પરિણામો શું આવે છે અને આપણે જાતે તેને અટકાવવા માટે શું કરી શકીએ તે અંગે સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી.

ચાલો, આપણે સૌ સાથે મળીને સંકલ્પ લઈએ કે કોઈ બાળક મજુરી કરવા મજબુર ન થાય. દરેક બાળક શાળામાં હોય, ખુશ હોય અને નિર્ભય રીતે પોતાનું બાળપણ જીવી શકે.





✷ સ્થળ ✷
પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust
www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust



# લર્નિંગ સેન્ટર

વેકેશનના અંત પછી સંસ્થા દ્વારા લર્નિંગ સેન્ટર હેઠળ તકવિહોણા બાળકોને શિક્ષણ તરફ આકર્ષવાના હેતુંથી અવનવી અને રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોમાં શૈક્ષણિક રૂચિ વિકસે અને તેઓ નિયમિત શિક્ષણ સાથે જોડાઈ શકે તેવા ઉદ્દેશથી પઝલ્સ, પ્રશ્નોતરીઓ, શૈક્ષણિક રમતો અને સામુહિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આવી પ્રવૃત્તિઓ માદયમથી બાળકોમાં શિક્ષણ પ્રત્યે જિજ્ઞાસા અને ઉત્સાહ સર્જાયો, જે તેઓના સર્વાંગી વિકાસ માટે મદદરૂપ બને છે.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં તારીખ ૦૯ જુન ૨૦૨૫થી શાળાના નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો હતો. જેમાં શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકોનું કંકુ ચાંદલાથી તિલક કરી મોઢું મીઠું કરી સુસ્વાગત કરીને શાળા પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો.

શાળાના પ્રથમ દિવસે દાતાશ્રીના સહયોગથી વિજ્ઞાનની પ્રયોગશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ. જેમાં દાતા પરિવાર, શાળાના સ્ટાફ અને બાળકોની હાજરીમાં પ્રયોગશાળા ખુલ્લી મુકવામાં આવી હતી. આ શુભ પ્રસંગે બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. આ સાથે બાળકોને પ્રયોગશાળાનું જ્ઞાન પણ આપવામાં આવ્યું હતું.

શાળામાં બાળકોની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવે છે, ત્યાર બાદ ધોરણ પ્રમાણે અલગ-અલગ કૃતિઓ બાળકો દ્વારા રજુ કરવામાં આવે છે. આ સાથે જે બાળકોને વાંચતા નથી આવડતું તે બાળકોને વાંચન, લેખન સારું થાય તે માટે અલગથી શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં બાળકોને કકકા થી માંડીને અંક જ્ઞાન શિખવવામાં આવે છે.

# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ➤ વિશ્વ પર્યાવરણ દિવસ

તારીખ ૦૫ જુન ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોને પર્યાવરણના મહત્ત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. જેમ કે સ્વચ્છ હવા, પાણી અને જમીન માનવજીવન માટે આવશ્યક છે. આ ઉપરાંત બાળકોને વૃક્ષનું મહત્ત્વ, પ્લાસ્ટિકથી થતાં નુકશાન અને પુનઃ વાપરવા યોગ્ય વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે ઉદાહરણ સાથે સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં નાની ઉંમરે જ પર્યાવરણ પ્રત્યે પ્રેમ, સંવેદના અને જવાબદારી વિકસાવવાનો હતો. જેથી તેઓ ભવિષ્યમાં સજાગ નાગરિક બની શકે.





## ➤ પૃથ્વી પરના સાત ખંડોની માહિતીનો ચાર્ટ

તારીખ ૦૭ જુન ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકો દ્વારા પૃથ્વી પર રહેલા સાત ખંડોની માહિતીનો ચાર્ટ બનાવવામાં આવ્યો હતો. જેના દ્વારા બાળકોને વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી.

પૃથ્વી પર કુલ સાત ખંડો છે, એશિયા, આફ્રિકા, યુરોપ, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, એન્ટાર્ટિકા અને ઓસ્ટ્રેલિયા. જેમાં એશિયાએ વિશ્વનો સૌથી મોટો ખંડ છે. જેમાં ભારત, ચીન અને જાપાન જેવા દેશો આવેલા છે અને આફ્રિકા બીજો સૌથી મોટો ખંડ છે. જયા સહારાનું રણ અને વન્ય જીવજંતુઓ જોવા મળે છે.

આમ, દરેક ખંડની પોતાની વિશિષ્ટતાઓ અને વૈવિધ્યતા માટે અગત્યના ભાગરૂપ છે. વિવિધ માહિતી બાળકોને આપવામાં આવી હતી.

 

## સારી ટેવ અને ખરાબ ટેવ વિશે માહિતી

તારીખ **૨૦ જુન ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને **સારી અને ખરાબ ટેવનો ચાર્ટ** બનાવીને માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોના નૈતિક વિકાસ માટે એ જરૂરી છે કે તે સારા અને ખરાબ આચરણ વચ્ચે ફરક સમજી શકે. આ અભ્યાસમાં બાળકોને ઉત્તમ ગુણો જેવા કે સાચુ બોલવું, સહાનુભુતિ, સાહસ વગેરે જેવા ગુણો સમજાવવામાં આવ્યા હતા. આ સાથે બીજી તરફ દુ:સંચાર, ખોટુ બોલવું, ઈર્ષા, ખરાબ વર્તન અને અનાદર જેવી ખરાબ ટેવોથી બચવાની સમજણ આપવામાં આવી હતી.

આ પ્રવૃત્તિમાં વાર્તાઓ, ચિત્ર દશ્યો અને ચાર્ટ દ્વારા વિચાર વિમર્શના માધ્યમથી બાળકોને જીવનમાં નૈતિક મૂલ્ય અપનાવવાની પ્રેરણા આપવામાં આવી હતી. પરિણામે બાળકોના વર્તન અને વિચારોમાં હકારાત્મક પરિવર્તન આવે અને તેઓ એક જવાબદાર નાગરિક બની ઉભા રહે, આ રીતે બાળકોનું નૈતિક અને ભાવાત્મક વિકાસ સદ્રઢ બને તે માટે સારી ટેવો અને ખરાબ ટેવોનો ચાર્ટ બનાવી બાળકોને સમજાવવામાં આવ્યા હતા.

 

## ● વિશ્વ યોગ દિવસ

તારીખ ૨૧ જુન ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ નિમિત્તે બાળકોને વિવિધ પ્રકારના આસન કરાવવામાં આવ્યા હતા. જેવા કે, તાડાસન, વૃક્ષાસન, વજ્રાસન, પદ્માસન, શિરમુખાસન વગેરે જેવા આસનો કરાવવામાં આવ્યા હતાં. બાળકોને યોગનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો અને યોગના ફાયદા જેવા કે તંદુરસ્તી, મનની એકાગ્રતા અને આત્મવિશ્વાસ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોમાં યોગ પ્રત્ત્યે જાગૃતિ ફેલાવવા અને તેઓને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.





## ● અષાઢી બીજ

તારીખ ૨૬ જુન ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં અષાઢી બીજના પાવન દિવસે એક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને અષાઢી બીજ શા માટે ઉજવવામાં આવે છે, અષાઢી બીજનું મહત્ત્વ શું છે એ પણ સમજાવવામાં આવ્યું હતું. અષાઢી બીજ એ મુખ્યત્ત્વે ભગવાન કૃષ્ણ, સુભદ્રા અને બલરામ સાથે સંકળાયેલા એક મહત્ત્વપૂર્ણ તિથિ છે, જે ગુજરાત અને ઓડિસા સહિત અનેક પ્રદેશોમાં ભકિત ભાવથી ઉજવવામાં આવે છે.

બાળકોને સમજાવવામાં આવ્યું કે આ દિવસે ભગવાન જગન્નાથજી ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની ભવ્ય રથયાત્રા નીકળે છે. ભગવાનને દર વર્ષની જેમ તેમના મંદિરમાંથી બહાર લાવીને ભકતોની વચ્ચે લઈ જવામાં આવે છે, જે ભકિત અને સમર્પણનું પ્રતિક છે. આ ઉપરાંત એ પણ જણાવવામાં આવ્યું કે પુરી ધામના જગન્નાથ મંદિરમાંથી નીકળતી રથયાત્રા વિશ્વવિખ્યાત છે, તેમાં હજારો ભકતો ભાગ લે છે. વિશ્વના ખુણે ખુણેથી લોકો દર્શન માટે આવે છે. આવી માહિતી બાળકોમાં આ સાંસ્કૃતિક વારસાની જાગૃતિ રહે એ હેતુંથી આપવામાં આવી હતી.







# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૩૮ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

**સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.**

➤ **વર્ષ ૨૦૨૫ના જુન મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૧૭ | ૨૨૧ | ૪૩૮ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |
| ૨. | સ્વ. પ્રિતીબેન જોષીની તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૩ | ૨૨૯ | ૪૫૨ | શ્રી હિતેષભાઈ જોષી |
| ૩. | શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૩ | ૨૨૯ | ૪૫૨ | શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ |



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

**સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.**

➤ **વર્ષ ૨૦૨૫ના જુન મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહ ખુશાલી ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૧૭ | ૨૨૧ | ૪૩૮ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |
| ૨. | સંસ્થાના બાળકોને સહ ખુશાલી ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૧૯૩ | ૧૯૮ | ૩૯૧ | શ્રી લોકેશભાઈ શાહ<br>શ્રી ભાવિનભાઈ પટેલ<br>શ્રી પુનિતભાઈ પટેલ |
| ૩. | શ્રી વિજયભાઈ શાહ દ્વારા લગ્નની વર્ષગાંઠ નિમિત્તે સંસ્થાના બાળકોને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૧૬૨ | ૧૭૭ | ૩૩૯ | શ્રી વિજયભાઈ શાહ (પાનવાળા) |

## જુન માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી ચિરાગભાઈ (સેવા સત્કાર્ય ગ્રુપ) |
| ૨. | શ્રી ઉર્મિબેન ભટ્ટાચાર્ય |
| ૩. | શ્રી કાર્તિકભાઈ સવાણી<br>શ્રી હરેશભાઈ ચાવડા |
| ૪. | શ્રી હિતેષભાઈ જોષી |
| ૫. | શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ |
| ૬. | શ્રી લોકેશભાઈ શાહ |
| ૭. | શ્રી વિજયભાઈ શાહ |

### જુલાઈ-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૦૫ જુલાઈ ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૧૦ જુલાઈ ૨૦૨૫ | ગુરૂપૂર્ણિમાની ઉજવણી. |
| ૧૯ જુલાઈ ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૪ જુલાઈ ૨૦૨૫ | કારગિલ વિજય દિવસ. |
| ૨૯ જુલાઈ ૨૦૨૫ | વિશ્વ વાઘ દિવસ. |








## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

UPI QR CODE

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**